## સંપત્તિ ઇચ્છનારના નામ બે અક્ષરનું તથા જ્ઞાન માટેનું નામ ચાર અક્ષરનું રાખવું તેવો સ્મૃતિકારોનો મત છે

### સંસ્કાર ચિંતન

- અનંત ન. વ્યાસ

### શૈશવ સમસ્યાના સંસ્કારો

**૧. જાતકર્મ સંસ્કાર -**

સંતાનના જન્મ પછી તેની સુરક્ષા તથા દીર્ઘ આયુષ માટે આ સંસ્કાર કરવામાં આવે છે. ગૃહસ્ય સૂત્રોમાં આ સંસ્કારોનું વિગતે વર્ણન મળે છે. પરંતુ તેના વિધિ વિધાનોને વિશ્વાસમૂલક યોગ્ય લાગતા નથી. ધર્મસૂત્રો તથા સ્મૃતિ - ગ્રંથોમાં આનું વિસ્તૃત વર્ણન મળતું નથી. આપણે ત્યાં લીલખા આશ્રમ પ્રકાશિત શ્રી નૈમિતિકકર્મ પ્રકાશ' ગ્રંથમાં આનો વિસ્તાર પૂર્વક સમાવેશ કરવામાં આવ્યો છે.

વિધિ : સંતાનના જન્મ અગાઉ ઘરમાં તેની તૈયારી થતી ઘરમાં એક હવા ઉજાશવાળા સ્વચ્છ રૂમની વ્યવસ્થા થતી જે 'સૂતિકા ભવન' કહેવાતું પ્રસવના એક બે દિવસ પહેલાં બ્રાહ્મણો દ્વારા શુભ મંત્રોચ્ચાર સાથે, માંગલિક ગીતોના સથવારે, દેવતા ગાય, તુલસી તથા બ્રાહ્મણોની પૂજા કરીને તેનો સુરક્ષિત સૂતિકા ભવનમાં પ્રવેશ કરાવતો શિશુના આગમન બાદ એ રૂમમાં અગ્નિ સ્થાપન કરાતું. આ અગ્નિ પણ અશુદ્ધ મનાતો. દસમાં દિવસે તેનું વિસર્જન કરવામાં આવતું સૂતિકા ભવનમાં પુરૂષ પ્રવેશ નિષિધ મનાતો.

શિશુના જન્મ પછી તુરત જો તે પુત્ર હોય તે પિતા તેના મુખના દર્શન કરતો. પુત્રના મુખ દર્શન પછી પિતા સવસ્ત્ર -ઠંડા પાણીથી સ્નાન કરતો. જૈમીની સૂત્રકાર મુજબ જયાં સુધી એ સમયે દાન દેવાતા. પુત્ર જન્મ વખતે શું દાન કરવું. તે માટે જણાવાયું છે કે

**"તત્ર દંદ્યાત્સુવર્ણ ચ ભૂમિં ચ ગો, તુરંત, તથા**
**છત્ર ચ ગંદ - માંગલ્યમ્, શયનં વાસનં ગૃહમ્"**

નાળ-છેદન પછી પિતા શિશુને પત્નીના ખોળામાં આપી પાઠ-પૂજાનાં સંકલ્પ કરતો, શુધ્ધ મધ - તથા ઘી-સોનાની સળી પર લઇ શિશુની જીભ પર મુલતો. સુશ્રુત અનુસાર આ સૌંદર્યજનક, બુદ્ધિવર્ધક, તથા મધુર છે. બાળકને તાવ શીર્ષવંદના દૂર થાય છે. સ્મૃતિ બુદ્ધિ પ્રજ્ઞા વધે છે. શિશુનાં કંઠ મધુર બને છે. (સુશ્રૃત સંહિતા શરીર સ્થાન અ.મા.૨-૨-૭) આ વખતે પણ 'ૐ ભૂસ્તવયિ દધામિ, ૐ ભુવસ્વત્વ દદ્યામિ' આ મંત્રોચ્ચાર પિતા કરતા. ત્યાર પછી અગ્નિ વાયુ સવિતા કુળદેવતા પિતૃઓ - આ બાલકને સ્વચ્છ રાખો, દીર્ધ-આયુષ આયે તેવા મંત્રો બોલાતા.

(આ મંત્રો નૈમિતિકર્મપ્રકાશ - ગ્રંથ પાનાા નં. ૧૭૫ પર છે.)

આજે આ પ્રકારના જાતકર્મ સંસ્કાર થતા નથી. સામાન્યતઃ સુવાવડ હોસ્પીટલમાં કરવામાં આવે છે ને એલોપથી ડૉકટરો ગળથૂથી આપવવા નથી દેતા... વળી જન્મ સમય તથા નાલ-છેદન વચ્ચે જો લાંબો સમય થાય તો બાળકને હાનિ થાય છે. હોસ્પિટલોમાં શિશુને તદ્દન સાફ કરી પછી જ બહાર લવાય છે. આ સંસ્કાર સાથે જે બે મુખ્ય વસ્તુ જોડાઇ છે તે પણ ભુલાતી જાય છે. સૂતિકા ભવનમાં બાળકને કોઇ ઇન્ફેકશન ન લાગે તે માટે પ્રવેશ બંધ હોય છે. જયારે હોસ્પિટલમાં એવું નથી સચવાતું. વળી આપણી પરંપરા પ્રમાણે પ્રસુતાના ભોજનમાં ઘી-ગોળ સૂંઠ હોવાં જ જોઇએ. તે બદલે ચા-બિસ્કીટ અપાય છે. માથાનો દુઃખાવો ન થાય તે માટે ખાસ તેલ બનાવાતું જેનો આજે બહેનો બહિષ્કાર કરે છે. આમ છતાં દસ-બાર દિવસ અશુદ્ધિ પાળવામાં આવે છે.

શિશુના જન્મના બીજા દિવસે માર્કન્ડેય ઋષિની પૂજા તથા શિશુના દિર્ઘ-આયુષ માટે પ્રાર્થના કરવામાં આવતી તે સાવ બંધ થઇ ગયેલ છે. આમ જોતાં જાતકર્મ - સંસ્કાર સાવ નામશેષ થઇ ગયાં છે.

જાતકર્મ સંસ્કારના આનુરાંગે શિશુના જન્મના પાંચમા કે છઠ્ઠા દિવસે ષષ્ઠી પૂજાનો વિધિ છે. તેમાં બાજઠ પર ત્રણ ઢગલા ચોખાના કરી તે પર 'વિધ્નેશ જન્મદા' તથા 'જીવંતી' એ ત્રણ દેવની સ્થાપના કરવામાં આવે છે તેની ષોડોપચાર પૂજા કરાય છે. કાંઇ જગ્યાએ દહીં - ભાતનું નૈવેદ્ય ધરાવાય છે. તો કોઇ જગ્યાએ તલ-ગોળ દૂધનું આપણે ત્યાં છઠ્ઠી રાત્રીએ વિધાતા લેખ લખવા આવે છે તેવી માન્યતા છે તે માટે બાજોઠ મુકી તેના પર સફેદ વસ્ત્ર વાપરી તેના પપર પીપળાના પાંચ પાન - કલમ - ખડીયો આદિ મુકાય છે પાસે દિપ મુકાય છે ને સમયે બંદ કરાય છે. આ માત્ર પારંપારિક કૌટુંમ્બિક રૂઢિ છે.

**૨. નામાકરણ સંસ્કાર**

દરેક જ્ઞાતિમાં આ સંસ્કાર કરવામાં આવે છે. નામ વ્યક્તિની ઓળખનું નિશાન છે. કુટુંબ માટે તે ખૂબ આનંદ - મંગળનો પ્રસંગ છે. નામની શોધ તો શિશુનો જન્મ થતાં જ થવા લાગે છે નામ બાબતે શાસ્ત્રોમાં પણ થોડી સ્પષ્ટતા છે. પ્રથમ તો નામ સાર્થક હોવું જોઇએ. સંપત્તિ ઇચ્છનારના નામ બે અક્ષરનું તથા જ્ઞાન માટેનું નામ ચાર અક્ષરનું રાખવું તેવો સ્મૃતિકારોનો મત છે. નામ સાથે વર્ણાશ્રમ પ્રમાણએ શર્મા, વર્મા, ગુપ્તપદ તથા દાસ' પદ લગાડવામાં આવતું પિતા મંગળ સ્નાન કરી ગૃહ-દેવ પૂજન કરતાં. નામ અંગે એવો શિષ્ટાચાર હતો કે ચાર પ્રકારના નામ પસંદ કરતા. પ્રથમ દેવનામ - કુળદેવને ભક્ત પ્રત્યય લગાડાતો જેમ કે વિષ્ણુભક્ત - ત્યાર પછી જે મહિનામાં જન્મ થયો હોય તે માસનું ખાસ નામ અપાતું જેમ કે ચૈત્ર માસમાં જન્મ હોય તો "વૈકુંઠ" વૈશાખમાં જન્મ હોય તો જનાર્દન એમ બારે માસના નામો દેવાતા. ત્રીજું નામ જન્મ - નક્ષત્ર પરથી તે આવું વ્યવહારિક નામ પાડવામાં આવતું પુત્રીના નામ ત્રણ અક્ષર પસંદ થતાં.

(ક્રમશઃ)

## જેઓ વડીલોનો આદર કરવાનો અને વડીલો સિવાયનાને પ્રેમ કરવાનું જાણે છે તેઓ મહાન છે, જેઓ હાથ જોડીને જીવવાનું અને હસીને મરવાનું જાણે છે તેઓ મહાન છે

### ચર્ચા સભા

- કાનજીભાઈ વી. ચૌધરી

અમૂલ્ય માનવ જીવનની ચારેય અવસ્થાઓને નાણવાની અને માણવાની સંપ્રાપ્તિ મનુષ્ય જીવનની સાર્થકતાને પ્રસ્થાપિત કરે છે. તેમાં પણ જીવનના અંતિમ પડાવ સમાન વૃદ્ધાવસ્થામાં જેઓ આરોગ્યપ્રદ રીતે જીવનને નાણી અને માણી શકે છે તેઓ ખૂબ ભાગ્યશાળી ગણાય છે, ઇશ્વરીય આશીર્વાદના અધિકારી બને છે. તેવા ભાગ્યશાળી અને આશીર્વાદને પાત્ર બનવાનું બધા માટે અત્યંત કઠીન હોવા છતાં અશક્ય નથી. પરમ કૃપાળુ પરમાત્માએ જયારે વૃદ્ધાવસ્થા સ્વરૂપે નિવૃત જીવનનું નજરાણું આપ્યું છે ત્યારે તેમાં મનુષ્યે સુગંધી પુષ્પ સમાન વજનરહિત બનીને પમરાટ પાથરી આકસ્મિક જીવનની ઉત્તમતાનો સાક્ષાત્કાર કરવા માટેની દૃષ્ટિ કેળવવાની રહે છે. તેવું કરવા અને બનવા માટે જીવનની પ્રથમ ત્રણ અવસ્થાઓમાં વ્યક્તિલક્ષી અંગત લાભ-લાલચ, રાગદ્વેષ, ઇર્ષ્યા, અદાલત, દુશ્મની, વિકૃતિ, વગેરેથી ઓછા વધતા પ્રમાણમાં ભરાયેલા પટારાઓને કાયમી ધોરણે અલિગઢના તોતીંગ પોલાદી તાળા મારીને તેની ચાવીઓ નામશેષ-અદૃશ્ય કરવાની રહે છે અને સમાજ તરફથી ઋણ અદા કરવા માટે પટારાને ખુલ્લે રાખીને ત્યાગ, સમર્પણ, સેવા, પ્રેમ, વગેરેના મૂલ્યવાન માણેક-મોતીથી ભરતા રહેવાની જરૂર છે. કહેવું ખૂબ સહેલું છે, પરંતુ કરવું અત્યંત કઠીન છે તેવી વાસ્તવિકતાનો સ્વીકાર કર્યા પછી પણ તેઓ ગીતા પ્રબોધિત કર્મના સિદ્ધાંતમાં માને છે અને અતૂટ શ્રદ્ધા ધરાવે છે તેઓને માટે તે દિશામાં આગળ વધવાનું અશક્ય નથી બનતું અને સમયની સાથે એક યા બીજા સ્વરૂપે જીવનના તે મૂળભૂત આદર્શ મૂલ્યોની પ્રતીતિ થયા વગર રહેતી નથી. એકાંત એ માનવ માત્રનો, ખાસ કરીને વૃદ્ધો-વયસ્કોનો જાની દૂશ્મન છે. તેને તિલાંજલી આપીને વૃદ્ધો-વયસ્કોને લઘુતાગ્રંથિને દેશવટો આપી મનને તથા તનને મનગમતી સામાજિક - સાંસ્કૃતિક - શૈક્ષણિક - ધાર્મિક પ્રવૃત્તિઓમાં સામેલ કરીને ગળાડૂળ બની આનંદમાંથી ઉર્જા મેળવતા રહીને જીવનની ધન્યતા અને સાર્થકતાની અનુભૂતિ કરવી જોઇએ. કોઇ પણ પ્રકારની પ્રવૃત્તિ વગર આળસુ બની બેઠેલા ઉપર બિમારી પણ આવીને અડીંગો જમાવી દે છે અને પરિણામે તેવો માણસ કામનો રહેતો નથી તેની હાકારાત્મક નોંધ લેવાની રહે છે.

આજે અહંકાર, દંભ, દુષ્ટાચાર અને ભ્રષ્ટાચારના ભોરીગોએ સમાજને કસીને એવો ભરડો લીધો છે કે સામાજિક જીવન તરફડિયા મારે છે, જે કોઇ તેના બચાવમાં આગળ આવે છે તેને પણ તેનો શિકાર બનવાનું દુર્ભાગ્ય પ્રાપ્ત થાય છે. તે હકીકત પછી પણ વૃદ્ધાવસ્થા - નિવૃત્ત જીવનના નજરાણાની પ્રતિષ્ઠા અને ગૌરવ જાળવવા માટે ઇન્સાને નીચેના સૂત્રનો સાક્ષાત્કાર કરી બુલંદ મનોબળ સાથે જીવનના આખરી પડાવને દેદિપ્યમાન કરવો જોઇએ.

**"હમકો મીટા શકે દુનિયા મેં યે દમ નહીં!**
**હમસે દુનિયા હૈ, દુનિયા સે હમ નહીં!!"**

અહંકારી માણસને ફૂટબોલની સાથે સરખાવી શકાશે. ફૂટબોલને દુનિયા ઠોકર મારે છે અને તમાશો જુવે છે, કારણ કે ફૂટબોલના પેટમાં અહંકારની હવા ભરેલી હોય છે. હવા નીકળી જતાં તે કોઇ ઠોકર મારતું નથી. તે જ રીતે આજના માનવના પણ તેવા જ હાલ છે. માણસમાં પણ અહંકારની, મદન, પદની હવા ભરાઇ જતાં તે ફૂટબોલ બની ગયેલ છે. માણસમાંથી પણ અહંકાર, મદ, પદની હવા જો નીકળી જાય તો જીવનના તમામ દુઃખદર્દો પીડાઓ - સંઘર્ષો તત્કાળ ખતમ થઇ જાય. અહમ્ અને વહેમને કારણે સ્વર્ગ જેવા જીવનમાં અનેક જખ્મો પેદા થઇ ગયા છે. દશા અને દિશા બગાડનાર અહંકારનો નશો અફીણના નશા કરતાં પણ વિવિધ સ્વરૂપે અનેકગણો ખૂબ વધારે છે. અહંકારનો ભાર એટલો બધો વધારે છે કે તેનું વજન કરવાનું મશીન આજ સુધી શોધાયું નથી.

અહંકાર અને મદમાં મસ્ત બનીને હાથીની જેમ વિહરતા માનવીની દશા દેડકાની વાર્તા જેવી થાય છે. મદમસ્ત રીતે ચાલતા હાથીને જોઇને દેડકાને હાથી જેવા બનવાની ધૂન સવાર થઇ. સાઇકલની દુકાને પહોંચીને તેણે પોતાના શરીરમાં હવા ભરાવવાનો અને હાથી જેવા દેખાવાનો આગ્રહ રાખ્યો. બહુ સમજાવવા છતાં નહીં માનતા હવા ભરવાનો દોર ચાલુ થયો, દેડકાનો આગ્રહ વધતો ગયો અને અતિરેકથી દેડકાનું પેટ ફાટી ગયું અને તે મૃત્યુ પામ્યો. માણસને પણ દેડકાની સાથે સરખાવી શકાશે. અહંકાર અને મદથી લિપ્ત માણસ એવું માનતો હોય છે કે તેમના શક્તિ - સામર્થ્ય - સત્તા - પદ - વૈભવ વગેરેને કારણે તે મહાન છે, પરંતુ તે ભ્રમ છે. વાસ્તવમાં, જેઓ વડીલોનો આદર કરવાનો અને વડીલો સિવાયનાને પ્રેમ કરવાનું જાણે છે તેઓ મહાન છે, જેઓ હાથ જોડીને જીવવાનું અને હસીને મરવાનું જાણે છે તેઓ મહાન છે, માણસ તેના ઉદાત્ત વિચારો, મધુર વ્યવહાર અને સત્કર્મોથી મહાન બને છે. નમન કરવામાં અહંકાર ઓગળી જાય છે.

ધોળે દિવસે જનજાહેર ચોરી અને લૂટની જાણે હરિફાઇ ચાલતી હોય તેવા બેશ્વાસ બનાવતા માહોલમાં આજે માણસ તેના જીવનમૂલ્યોથી એટલો બધો નીચે ગબડી પડ્યો છે કે ભ્રષ્ટાચારનું ભૂત અને ચરિત્રહિનતાની ચૂડેલથી પણ તેને બિલકુલ ડર નથી લાગતો. એટલું જ નહીં, પરંતુ તેનું પોતાનું પિશાચી પરિવર્તન થઇ રહ્યું છે. માનવના ખોટા આચરણ, ખોટા વ્યવહાર, ખોટા ખાન-પાન અને ખોટી જીવનશૈલી જ આપણા દુઃખોનું મૂળભૂત કારણ બનેલ છે અને તે આપણને દિવસે સુખીથી બેસવા દેતાં નથી અને રાત્રે શાંતિથી સૂવા દેતા નથી. તેથી દિવસે પરેશાન અને રાત્રે બેચેન બનવાનું દુર્ભાગ્ય મળેલ છે. આવા કઢંગા માહોલમાં ચિંતકોએ આપેલ સુખની વ્યાખ્યાને પણ સમજવાની - ઓળખવાની રહે છે. જે કોઇનો કરજદાર નથી - જે જેટલું કમાય છે તેટલામાં જ સંતુષ્ટ રહે છે તે સુખી છે. જે ખૂબ કઠિન અને પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ હસતો રહે છે - ગભરાતો નથી એટલું જ નહીં, પરંતુ મક્કમતાથી મુકાબલો કરે છે તે સુખી અને અમીર છે. જે બીજાના હક્ક નથી છીનતા તેઓનું ભલું કરવાનાં હંમેશા તત્પર હોય છે તે સુખી અને શ્રીમંત છે. જે પોતાનું કામ પોતે કરી લે છે અને બીજાને સહાય ઉપર જીવતા નથી તે સુખી અને સમૃદ્ધ છે.

ઉપર્યુક્ત દર્દનાક માહોલમાં પરિપ્રેક્ષ્યમાં સમાજમાં વિકાસની અને સુખ સમૃદ્ધ જીવનની ગુલબાંગો વૃદ્ધાવસ્થા - નિવૃત જીવનના નજરાણાને માટે પડકારૂપ બની રહેલ છે. આઝાદી મળ્યા પછી ૬૫ વર્ષોની વયસ્ક લોકશાહીમાં પણ ભૌતિક વિકાસનાં નામે કાવાદાવાના મહાસાગર ઘૂઘવતા રહે, ભ્રષ્ટાચાર અને ગુન્હાખોરીના પહાડો પડઘા પાડતા રહે, ગરીબી-અમીરીની ખાઇ પુરાવાને બદલે પહોળી થતી જાય અને રાજકીય કાદવ-કીચડ-ગંદકી બધા દર્દોનું એક જ નિદાન હોય ત્યારે સમાજ જીવનને દોજખમાંથી બહાર કાઢવા માટેની વૃદ્ધા-વયસ્કોની જવાબદારી વધી જાય છે તેઓ સમજણપૂર્વક સ્વીકાર કરવાનો રહે. સમાજની અને દેશની આન, બાન અને શાનના રક્ષણ માટે ભારત માતાના ૧૨૦ કરોડ સૂરમા સંતાનો હૈયાત હોવાનું આશ્વાસન લીધા પછી રામરાજય માટે સમય સમય પર બે ભગતસિંહ જેવા બલિદાની સુપુત્રોની જરૂરિયાતો રહેશે અને તે દિશામાં યુવાશક્તિને ઉજાગર કરવાની, ઓળખ આપવાની અને અંજામ સુધી પહોંચાડવાની મદદ કરવાની જવાબદારી વૃદ્ધોની - વયસ્કોની - નિવૃત્તોની રહેશે તેવા ઐતિહાસિક સામર્થ્યને પુનર્જીવત કરવાનું રહેશે.

વૃદ્ધો - નિવૃત્તોમાં સઘન અનુભવ અને ડહાપણ તથા બુદ્ધિનો અપાર ખજાનો ભરાયેલો છે તેનો જો સમયોચિત સદુપયોગ નહીં થાય તો જીવનના અંત સાથે તે બહુમૂલ્ય ખજાનાનો પણ આપોઆપ નાશ થશે અને સમાજને ભરપાઇ ન થઇ શકે તેવું અને તેટલું નુકશાન નિશ્ચિત ગણાશે. તેથી, બહુ મોડું થઇ જાય તે પહેલાં આ બહુમૂલ્ય ખજાનાનો સદુપયોગ વૃદ્ધો-વયસ્કો-નિવૃત્તોએ કરવો જોઇએ અને તે રીતે નિવૃત્ત જીવનની સાર્થકતાને સિદ્ધ કરવાની અમૂલ્ય તક ઝડપી લેવી જોઇએ.

## કઇ કંપનીએ આઈપેડ ટેબ્લેટ કોમ્પ્યુટર તૈયાર કર્યું છે?

### ● વિષય : વિજ્ઞાનજગત

(૧) કયા દેશના વિજ્ઞાનીઓએ એઇડ્સના વાઇરસનો કોયડો ઉકેલવાનો દાવો કર્યો છે?
(અ) અમેરિકા અને સ્પેન (બ) ભારત અને ચીન
(ક) જાપાન અને સ્પેન (ડ) ઓસ્ટ્રેલિયા અને જર્મની
(૨) વિશ્વની સૌથી એક્યુરેટ ઘડિયાળ કેટલા અબજ વર્ષમાં પણ એક સેકન્ડ આગળ કે પાછળ થશે નહીં?
(અ) ૧.૫ (બ) ૩૭ (ક) ૨.૬ (ડ) ૪.૪
(૩) એઇડ્સનો રોગચાળો ફાટ્યો ત્યારથી કેટલા કરોડ લોકો તેમાંથી મૃત્યુ પામ્યા છે?
(અ) ૧.૫ કરોડ (બ) ૧.૭ કરોડ (ક) ૨.૫ કરોડ (ડ) ૧.૮ કરોડ
(૪) વૈજ્ઞાનિકોએ કેન્સર સામે લડવાની તાકાત ધરાવતા ટામેટાની વિશેષ જાતને કયા નામે વિકસાવી છે?
(અ) મેરિકો (બ) મોરૂના (ક) ટાસન (ડ) ટાર્ગનલ
(૫) વૈજ્ઞાનિકોને કેન્સર સામે લડવાની તાકાત ધરાવતા ટામેટાની વિશેષ જાત 'મારૂનો' વિકાસ કરવામાં કેટલા વર્ષ લાગ્યા હતા?
(અ) ૧૦ વર્ષ (બ) ૨ વર્ષ (ક) ૪ વર્ષ (ડ) ૫ વર્ષ
(૬) બ્રિટીશ તથા યુ.એસ. વૈજ્ઞાનિકોએ કેટલા વર્ષનાં સંશોધન પછી એઇડ્ઝના વાઇરસના કોયડાને ઉકેલવાનો દાવો કર્યો છે?
(અ) ૨૫ (બ) ૩૦ (ક) ૧૦ (ડ) ૨૦
(૭) વૈજ્ઞાનિકોને કેન્સર સામે લડવાની તાકાત ધરાવતા ટામેટાની વિશેષ જાતને વિકસાવવા માટે કેટલી જાતોનું કોસ બ્રિડીંગ કર્યું હતું?
(અ) ૧૫૦૦ (બ) ૫૦૦૦ (ક) ૨૦૦૦ (ડ) ૨૫૦૦
(૮) એપલ કંપની દ્વારા તૈયાર થયેલ આઈપોડ કેટલા ઈંટનો ટચસ્ક્રીન ધરાવે છે?
(અ) ૬.૮ ઈંચ (બ) ૭.૨ ઈંચ (ક) ૯.૭ ઈંચ (ડ) ૪.૮ ઈંચ
(૯) કેન્સર સામે લડવાની તાકાત ધરાવતા 'મોરૂનો' જાતના ટામેટાના પ્રયોગથી કેન્સર ફેલાવવાની ઝડપમાં કેટલા ટકા ઘટાડો થયો છે.
(અ) ૫૫ % (બ) ૨૦% (ક) ૩૦% (ડ) ૪૪%
(૧૦) કઇ કંપનીએ આઈપેડ ટેબ્લેટ કોમ્પ્યુટર તૈયાર કર્યું છે?
(અ) સેમસંગ (બ) એપલ (ક) એલજી (ડ) વિડીયોકોન
(૧૧) કૃત્રિમ રેશન કયા દેશનાં વૈજ્ઞાનિકોએ બનાવ્યું છે ?
(અ) ઓસ્ટ્રેલિયા (બ) દ.કોરિયા (ક) સાઈબિરીયા (ડ) જર્મની
(૧૨) એપલ કંપની દ્વારા તૈયાર થયેલ આઈપેડ ટેબ્લેટ કોમ્પ્યુટરની જાડાઈ કેટલા સેમી છે?
(અ) ૨.૨૭ સેમી (બ) ૧.૫૨ સેમી (ક) ૧.૧૭ સેમી (ડ) ૧.૨૭ સેમી
(૧૩) આઈપેડ ટેબ્લેટ કોમ્પ્યુટરનું વજન કેટલા કિગ્રા જેટલું છે?
(અ) ૧.૬૮ (બ) ૦.૬૮ (ક) ૨.૬૮ (ડ) ૩.૬૮
(૧૪) આઈપેડ ટેબ્લેટ કોમ્પ્યુટર એ કેટલા જીબીની સાઈઝમાં મળી રહે છે?
(અ) ૨૧, ૨૪ તથા ૪૮ (બ) ૧૭, ૧૯ તથા ૪૯
(ક) ૧૬, ૩૨ તથા ૬૪ (ડ) ૧૮, ૩૬ તથા ૭૦
(૧૫) આઈપેડ ટેબ્લેટ કોમ્પ્યુટરની કિંમત કેટલા ડૉલરથી શરૂ થાય છે?
(અ) ૧૯૯ ડૉલર (બ) ૩૯૯ ડૉલર (ક) ૪૯૯ ડૉલર (ડ) ૨૯૯ ડૉલર




### ● વિવિધા ●

વિષય :- વિશ્વમાં નોંધપાત્ર પુસ્તકાલયો

પુસ્તકાલય, સ્થળ અને પુસ્તકોની સંખ્યા

- યુનાઈટેડ સ્ટેટ્સ લાઈબ્રેરી ઓફ કોમર્સ : **વોશિંગ્ટન (૧૦ કરોડ)**
- લેનિન રાજય પુસ્તકાલય : **મોસ્કો (૧ કરોડ)**
- સાર્વજનિક પુસ્તકાલય : **લેનિનગ્રાડ (૧ કરોડ)**
- સાર્વજનિક પુસ્તકાલય : **ન્યુયોર્ક (૧ કરોડ)**
- વિજ્ઞાન અકાદમી પુસ્તકાલય : **મોસ્કો (૮૦ લાખ)**
- યુનિવર્સિટી પુસ્તકાલય : **હાવર્ડ (૭૫ લાખ)**
- બ્રિટીશ મ્યુઝિયમ પુસ્તકાલય : **લંડન (૬૧ લાખ)**
- રાષ્ટ્રીય પુસ્તકાલય : **પેરીસ (૬૦ લાખ)**
- રાષ્ટ્રીય સંસદ પુસ્તકાલય : **યેલ (૬૦ લાખ)**
- મધ્યસ્થ પુસ્તકાલય : **ટોકિયો (૪૧ લાખ)**
- કોલંબીયા પુસ્તકાલય : **ફ્લોરેન્સ (૪૧ લાખ)**
- શાહી પુસ્તકાલય : **ન્યયોર્ક (૨૦ લાખ)**
- મધ્યસ્થ રાષ્ટ્રીય પુસ્તકાલય : **રોમ (૨૦ લાખ)**
- ગોટિજન પુસ્તકાલય : **જર્મની (૧૭ લાખ)**

### ● ગયા સપ્તાહનો સવાલ...?

સવાલ - ૧૯૮૪ ના દંગામાં શીખ સમુદાયની હત્યા કેસમાં કયા નેતાને કોર્ટે નિર્દોષ જાહેર કર્યો

જવાબ - સજ્જનકુમાર

### ● સાચો જવાબ આપનાર પત્રમિત્રો :-

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૨) નટુભાઈ દરજી : પેથાપુર
(૩) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭
(૪) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ
(૫) મહેશભાઈ એમ. જાદવ : સે-૩૦

### ● પૂછું એક સવાલ...?

(૧) રાવલ મિત્ત. એચ : સે-૨ ૩થી
પ્રશ્ન - પેગોડા કયા ધર્મનું ધર્મ સ્થળ છે?
જવાબ - બૌદ્ધ ધર્મ
(૨) પટેલ ભાર્ગવ જે : સે-૨૭
પ્રશ્ન - શેરપા જ્ઞાતિના લોકો કયાં જોવા મળે છે?
જવાબ - તિબેટ, નેપાળ
(૩) પ્રાચી એલ. શાહ : સે-૨૨થી
પ્રશ્ન - હિસ્ટોલોજી શું છે?
જવાબ - જીવંત એકમના અભ્યાસનું શાસ્ત્ર
(૪) ધાર્મિક એસ. પટેલ : સે-૨૦થી
પ્રશ્ન - કેલ્શીયમ આપણને કયા ખોરાકમાંથી મળે છે?
જવાબ - દૂધ, લીલા શાકભાજી, બાજરી, જુવાર
(૫) ઠક્કર નિનાદ પી. : સે-૪થી

(અનુસંધાન પાના નં. ૬ પર)

### ગુરૂવંદના

મહાભારતનું યુદ્ધ શરૂ થવામાં છે. કુરૂક્ષેત્રના મેદાનમાં કૌરવ-પાંડવોની સેના સામસામે ઊભી છે. સૂર્યોદયની રાહ જોવાઈ રહીછે. જેવો સૂર્ય ઉગશે કે એવું ભીષણ યુદ્ધ થશે કે ન ભૂતો ન ભવિષ્યતિ.

ત્યાં યુધિષ્ઠિરના ધનુષમાંથી એક બાણ છૂટ્યું. સૈનિકો જોતાં જ રહી ગયા. હજુ સૂર્યોદય થયો નથી અને યુધિષ્ઠિરે બાણ ચલાવી દીધું! ધર્મરાજ આ કેવો અધર્મ આચરી રહ્યાં છે!

પરંતુ બાણ જઈને ભીષ્મ પિતામહના ચરણોમાં પડ્યું. ભીષ્મ સમજી ગયા. અત્યંત પ્રસન્ન થયા. એમણે પણ બાણ છોડ્યું. એ યુધિષ્ઠિરના મસ્તક પરથી નીકળી ગયું. આવું જ દ્રોણ સાથે થયું.

પ્રથમ બાણ પ્રણામનું હતું. બીજું બાણ આશીર્વાદનું ગુરૂ સાથે




મતભેદ સંભવ છે. કયારેક ગુરૂ સામે યુદ્ધમાં પણ ઉતરવું પડે. તેમ છતાં ગુરૂ પ્રત્યે આદરમાં કોઈ કમી નહીં આવે. પહેલાં ગુરૂનો ચરણ સ્પર્શ, પછી ધનુષ પર બાણ.

મહાભારતના યુદ્ધનો પ્રથમ દિવસ સંસારનો પ્રથમ શિક્ષણ દિવસ હતો. ગુરૂવંદનાનું આનાથી શ્રેષ્ઠ ઉદાહરણ બીજું કયું હોઈ શકે?

### કોઇની બુદ્ધિના પાંજરામાં

પોતાની આંખ હોય. પોતાની પાંખ હોય,
પોતાનું આભ હોય, પોતાનું ગીત હોય,
મનનો માલિક હું મારે તે બીક શી?
હા માં હા કહીને ઠીક ઠીક રહીને
મને ઠીક ઠીક રહેવાનું મંજૂર નથી
માપસર બોલવાનું માપસર ચાલવાનું,
માપસર પહેરવાનું માપસર પોઢવાનું,
માપસર ઓઢવાનું,
માપસર હળવાનું માપસર ભળવાનું
આવું હળવાનું ભવવાનું માપસર ઓગળવાનું
મને આવું પીગળવાનું મંજૂર નથી.
કોઇની બુદ્ધિના પાંજરામાં લાગણીનું પંખી થઇ
ટહુક્યા કરવાનું મને મંજૂર નથી

- પન્ના નાયક

### બાળ મિત્રો,

કંઈ પણ નવું કરવા માટે આપણામાં ગજબનો આત્મવિશ્વાસ જોઈએ. કોઈ પણ કામ જયારે પણ શરૂ કરીએ ત્યારે આપણા માટે તે વખતે નવું જ હોય છે. પણ ભરપૂર આત્મવિશ્વાસ રાખીને પુરી સૂઝબૂઝથી અને મક્કમ નિર્ણય કરી કરવામાં આવે તો જ સફળતા મળે છે.

કેમ કે પાંખ હોવા છતાં માળામાં બેસી રહે તેને પક્ષી કહેવાય?

પોતાના કુમળા શરીરથી ડરીને કીડો કોશેટામાં જ રહેવાનું નક્કી કરે તો એમાંથી રંગીન પતંગિયું બને ખરૂં?

ખુલ્લા પવનના ડરથી બંધ કલી ખૂલ્યા વગર રહે તો ખીલેલાં ફૂલની સુંદરતા કે સુગંધ પ્રસરે ખરી?


પક્ષી જયારે માળામાંથી પાંખો ફફડાવીને હવામાં પડતું મૂકે ત્યારે ખૂબ હિંમત કરવી પડે.

કોમળ કોમળ પતંગિયાને બહારની દુનિયામાં કેટલો બધો ખતરો લાગે તેમ છતાં એ કોશેટાને છોડીને બહાર નીકળે છે ત્યારે જ સુંદરતા મેળવે છે.

કોલંબસ સફળ થયો કેમ કે એણે જાત ઉપર વિશ્વાસ રાખ્યો.

માટે નવું કામ શરૂ કરવાની પહેલી શરત છે પોતાની જાત ઉપર શ્રદ્ધા. પછી ભલે તે અભ્યાસ હોય - રમત હોય કે પ્રવાસ.

### ઝીણી નજરે જુઓ : કયું દોરડું એવરેસ્ટ પહોંચાડે?




આજકાલ એવરેસેટ ઉપર પહોંચવાની જબરી ભીડ મચી છે, અને એવરેસ્ટ ઉપર ચડવાનું સહેલું પણ બની ગયું છે. આ ચિત્રમાં તો કેટલાંક દોરડાં સુદ્ધાં દેખાય છે, જેમાંનું એક દોરડું એવરેસ્ટ પર પહોંચાડે એવું છે. ફક્ત એક મિનિટમાં શોધી કાઢો કે આ દોરડું કયું?

★ **પુસ્તકો એવી નૌકા છે જે તદ્દન ઓછા ખર્ચે અને વગર તકલીફે દૂર દૂરના મૂલકોમાં લઇ જાય છે.**

★ **પુસ્તકોને દુનિયાને અસર કરી છે.**
**દુનિયા પલટી નાખી છે.**
**અને દુનિયા પર શાસન કર્યું છે.**

- મહેન્દ્ર મેઘાણી